## આચારસંહિતા હટી : શહેરમાં ૩૫૦ કરોડના કામકાજ કરાશે

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવી ગયા બાદ આચારસંહિતા ઉઠાવી લેવામાં આવી છે. ધારણા પ્રમાણે જ આચારસંહિતા ઉઠાવી લેવામાં આવ્યા બાદ જુદા જુદા કામ હાથ ધરવાની તૈયારી કરી લેવામાં આવી છે જેના ભાગરૂપે હવે શહેરના લોકોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. લોકોની સુવિધા વધે તેનું આયોજન હવે કરવામાં આવનાર છે. ચૂંટણી આચારસંહિતા પૂરી થતાં હવે અમદાવાદ શહેરમાં રૂા. ૩૫૦ કરોડથી વધુના પ્રાથમિક સુવિધાના કામો ઝડપથી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. જેમાં માત્ર મોડેલ રોડના કામો રૂા. ૧૦૦ કરોડના છે. ચૂંટણી આચારસંહિતાને કારણે છેલ્લા અઢી મહિનાથી અમદાવાદમાં નવા કોઈ કામો શરૂ કરવામાં આવ્યા નહોતા. જો કે હવે આચારસંહિતા પૂર્ણ થતાં આજે મેયર અસિત વોરા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ભૂપેન્દ્ર પટેલ અને મ્યુનિસિપલ કમિશનર જી. મહાપાત્ર વચ્ચે મિટીંગ યોજાઇ હતી. આ મિટીંગમાં રૂા. ૩૫૦ કરોડથી વધુ રકમના પ્રાથમિક સુવિધા અને વિવિધ પ્રોજેક્ટોના કામો ઝડપથી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## સાબરમતી વિસ્તારમાં મેડિકલ કેમ્પનું આયોજન

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ શહેરના સાબરમતી ક્ષેત્રમાં આવેલ રામેશ્વર મંદિરમાં અવધ ફાઉન્ડેશનના સૌજન્યથી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં વિશેષરૂપથી કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલના ડોકટરો દ્વારા આમ જનતાનું મફત દંત પરીક્ષણ કરવામાં આવ્યું. આ સિવાય સ્વાસ્થ્ય વિષયક અન્ય પરીક્ષણ પણ કરવામાં આવ્યા. સવારે ૧૦.૦૦ વાગ્યાથી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી આ નિઃશુલ્ક સેવાનો લાભ અંદાજિત ૨૦૦થી વધુ લોકોએ મેળવ્યો. અવધ ફાઉન્ડેશન દ્વારા સમયાંતરે સમાજસેવાના ક્ષેત્રમાં આ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે છે. અવધ ફાઉન્ડેશનના પ્રતિનિધિ દિનેશકુમાર પાંડેજી જણાવે છે કે અવધ ફાઉન્ડેશનના ઉદ્દેશ્ય સમાજના દરેક વર્ગના લોકોને સમયાંતરે અને અન્ય રીતે સ્વાસ્થ્ય વિષયક જાણકારી અને નિદાન મળી રહે તે માટે સંસ્થા પ્રયત્નશીલ રહેશે.




## માયા કેલેન્ડરની સામે જાથાએ રોષ વ્યક્ત કર્યો

ભારત જન વિજ્ઞાન જાથાના પ્રમુખ જયંત પંડ્યાએ જણાવેલ છે કે રાજયભરમાં જાથાએ માયા કેલેન્ડરની આગાહીઓના વિરોધમાં કાર્યક્રમ યોજયા હતા. સૂરત, વડોદરા, અમદાવાદ, રાજકોટમાં ધરણાં યોજાયા હતા. જાથાની જનજાગૃતિ ઝુંબેશને વ્યાપક આવકાર મળ્યો હતો. માયા કેલેન્ડરની આગાહી, અફવાઓ કડ્ડભૂસ થયેલ છે. નકારાત્મક આગાહી બંધ કરવા રાજયભરમાં ચેતવણી આપી રોષ વ્યક્ત કર્યો હતો.

### ૨૫મીએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે બેઠક

# ૨૫મીએ ભાજપ વિધાનસભા પક્ષના નેતાની વિધિવત વરણી

### ૨૬ ડિસેમ્બરે સરદાર પટેલ સ્ટેડિયમમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી શપથ લેશે : જોરદાર તૈયારીઓ હાથ ધરાઈ

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની શપથ વિધિની તૈયારીઓ હાથ ધરવામાં આવી ચુકી છે. ૨૫મી ડિસેમ્બરના દિવસે ગુજરાત પ્રદેશ ભાજપની વિધાનસભા પક્ષની બેઠક ગાંધીનગર ટાઉનહોલમાં યોજાશે જેમાં નેતાની વિધિવતરીતે પસંદગી કરવામાં આવશે. તમામ બાબત માત્ર ઔપચારિકતા સમાન છે. કારણ કે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી તરીકે ૨૬મી ડિસેમ્બરના દિવસે શપથ લેનાર છે. શપથવિધિને ઐતિહાસિક બનાવવા માટે ભાજપના તમામ નેતાઓ કામમાં લાગી ગયા છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને ૧૧૫ બેઠકો જીતી લીધી હતી. જ્યારે કોંગ્રેસને ફરી એકવાર પછડાટનો સામનો કરવો પડ્યો હતો. નરેન્દ્ર મોદીએ જોરદાર સપાટો બોલાવીને હેટ્રીક નોંધાવી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટી પણ તેની ઉપસ્થિતિ પુરવાર કરી શકી નથી. ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાએ આજ રોજ એક જણાવ્યું છે કે ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાયીના જન્મદિવસ ૨૫ ડિસેમ્બરના રોજ ગુજરાત પ્રદેશ ભાજપાની વિધાનસભા પક્ષની બેઠક ગાંધીનગર, ટાઉનહોલ ખાતે બપોરે ૩.૩૦ કલાકે યોજાશે. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં વિજેતા બનેલા ભાજપના તમામ ૧૧૫ ધારાસભ્યો ઉપસ્થિત રહેશે. ભાજપના વરિષ્ઠ અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ બેઠક યોજવામાં આવશે. અને ગુજરાત વિધાનસભા ભાજપ પક્ષના નેતાની વરણી કરવામાં આવશે. તેમણે જણાવ્યું છે કે ગુજરાતમાં ભાજપની વિધાનસભામાં બહુમતી બેઠકો આવી છે ત્યારે ૨૬ ડિસેમ્બરના રોજ અમદાવાદ સ્થિત સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા ખાતે સવારે ૧૦.૦૦ કલાકે ભાજપની સરકારના મુખ્યમંત્રી શપથ લેશે. તેઓએ અંતમાં જણાવ્યું છે કે ભાજપની ગુજરાતની સતત ત્રીજીવાર રચાનાર સરકારના મુખ્યમંત્રીના શપથવિધિ કાર્યક્રમ પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ, અગ્રણીઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## આચારસંહિતા બહાના હેઠળ છેલ્લા અઢી મહિનાથી મ્યુનિ. તંત્ર ઠપ થઇ ગયું : કોંગ્રેસ

મ્યુનિસિપલ કોર્પોરેશનની આજે મળેલી સામાન્ય સભામાં પ્રાથમિક સુવિધાના કામોની ચર્ચાને બદલે ભાજપ-કોંગ્રેસના કોર્પોરેટરોએ એકબીજા પર વિધાનસભા ચૂંટણી પરિણામોના સંદર્ભમાં રાજકીય આક્ષેપો-પ્રતિઆક્ષેપો કર્યા હતા. મેયર અસિત વોરાના અધ્યક્ષપદે મળેલી સામાન્ય સભામાં કોંગ્રેસ નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું હતું કે, છેલ્લા અઢી મહિનાથી આચારસંહિતાના બહાના હેઠળ મ્યુનિસિપલ તંત્ર ઠપ થઇ ગયું હતું. અને પ્રજાકીય કામો વિસરાઇ ગયા હતા. મ્યુનિ. અધિકારીઓ પ્રાથમિક સુવિધાના કામો કરતા નહોતા અને તેથી લોકો પરેશાન થઇ ગયા હતા.

## બળવાખોર ઉમેદવારોએ ગણતરી ઊંધી વાળી

ભાજપ અને કોંગ્રેસની ગણતરીને ઘણા બળવાખોર ઉમેદવારોએ ઊંધી વાળી દીધી છે. કેટલાક એવા મત વિસ્તાર છે જ્યાં બળવાખોરના કારણે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો છે. આવી બેઠકોમાં સાવલી, લાઠી, સોમનાથ, ટંકારા, છોટાઉદેપુર અને મહુવાનો સમાવેશ થાય છે. આંકડા નીચે મુજબ છે.

**સાવલી**

ભાજપના બળવાખોર ઉમેદવાર કેતન ઈનામદારે સાઉથમાંથી જીત મેળવી લીધી છે. તેમની તરફેણમાં ૬૨૮૪૯ મત પડ્યા છે. ભાજપના ઉમેદવાર ઉપેન્દ્ર ગોહિલ ૨૫૫૯૭ મત સાથે ત્રીજા ક્રમે રહ્યા છે.

**લાઠી**

ભાજપના બળવાખોર એમડી મંજારિયાએ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને તેમને ૩૭૯૫ મત મળ્યા છે. આના કારણે ભાજપના ઉમેદવાર વાલાજી ખોખારિયાની તકો ઘટી ગઈ હતી. ખોખારિયાની કોંગ્રેસના ઉમેદવાર સામે ૨૭૬૪ મતે હાર થઈ છે.

**સોમનાથ**

ભાજપના બળવાખોર ઉમેદવાર નરેન્દ્ર ગોહિલે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને તેમને ૯૮૪૨ મત મળ્યા છે. આના કારણે ભાજપના રાજસિંહ જોઠવાને મુશ્કેલી નડી છે અને જોઠવા કોંગ્રેસના ઉમેદવાર સામે ૨૦૯૬ મતે હારી ગયા છે.

**ટંકારા**

કોંગ્રેસના ઉમેદવાર લલીત કગાથારાને ૧૫૭૪૬ મત મળ્યા છે. આના કારણે કોંગ્રેસના ઉમેદવાર મગન વાદવિયાની ભાજપના ઉમેદવાર સામે ૧૫૪૦૭ મતે હાર થઈ ગઈ છે.

**છોટાઉદેપુર**

ભાજપના બળવાખોર શંકર રાઠવાને જીપીપીના ઉમેદવાર તરીકે ૩૮૮૪ મત મળ્યા છે. તેઓ ભાજપના ઉમેદવાર ગુલશનસિંહ રાઠવાની હાર માટે જવાબદાર રહ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર સામે ગુલશનસિંહ રાઠવાની ૨૩૦૫ મતે હાર થઈ છે.

**મહુવા**

કોંગ્રેસના બળવાખોર ઉમેદવાર હેમાગીની ગરસિયાએ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને તેમને ૧૧૬૧૬ મત મળ્યા છે. તેઓ કોંગ્રેસના ઉમેદવાર ઈશ્વર વાહિયાની હાર માટે જવાબદાર રહ્યા છે. ભાજપના ઉમેદવાર સામે ઈશ્વર વાહિયાની ૧૧૬૨૭ મતે હાર થઈ છે.

# સતત પાંચમા વર્ષે શહેરમાં શાનદાર કાંકરિયા કાર્નિવલ

### ૨૫મીએ સાંજે ૭ વાગ્યે મુખ્યમંત્રી કાંકરિયા કાર્નિવલનું ઉદ્‌ઘાટન કરશે : ઘણા નવીન આકર્ષણો આકર્ષણ જમાવશે

અમદાવાદ, તા. ૨૨

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી તા. ૨૫થી તા. ૩૧ ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. સતત પાંચમા વર્ષે કાંકરિયા કાર્નિવલ યોજાશે. તા. ૨૫મીએ સાંજે ૭ વાગ્યે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કાંકરિયા કાર્નિવલનું ઉદ્‌ઘાટન કરશે. મેયર અસિત વોરાએ આજે જણાવ્યું હતું કે, આ વર્ષે કાંકરિયા કાર્નિવલમાં



કેટલાક નવીન આકર્ષણો ઉમેરવામાં આવશે. જેમાં ચેરીટી બેગ, સ્કુબા ડ્રાઈવીંગ, સેગ-વે પોલો, ટેપીયોરી તથા ડેકોરેટીવ ફલાવર્સ એફિક બીટ, થીમ બેઝડ વોલ નેઈન્ટીંગ, પારંપરીક હસ્તકલા પ્રદર્શની, રોક બેન્ડસ, એક્ટિવટી બેક્ક લર્નિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટાર્ગેટ આર્ચરી, એકવા કાર્ટિંગ, સેગ-વે, મિરર મેક, બટરફલાય પાર્કનું લોકાર્પણ કરવામાં આવશે.

વોરાએ વધુમાં જણાવ્યું હતું કે, એમ્યુઝમેન્ટ પાર્ક-૧ અને પાર્ક-૨માં કેટલાક ભૂમિપૂજન કરવામાં આવશે. જેમાં એડવેન્ચર મિનિએચર ગોલ્ફ અને ટ્રી વોક, વિવિધ રાઈડસ જેવી કે ડિસ્કવરી, મેવરીક, વર્ટીકલ સ્વીંગ, રીંગ ઓફ ફાયર, રોલર કોસ્ટર, કેરોકલ, મેગા ડિસ્કો, ટાવર રાઈડ, ફિલવીંગ આર્મ, કિકડ-ઝોન અને પેઈન્ટ બોલનો સમાવેશ થાય છે. મ્યુનિ. કમિશનર જી. મહાપાત્રએ જણાવ્યું હતું કે, કાંકરિયા કાર્નિવલ દરમિયાન ૨૫ લાખથી વધુ મુલાકાતીઓ આવે છે. અને તેમને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે. દર વર્ષે કાર્નિવલમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, લોક નૃત્યો, હોર્સ અને ડૉગ શો, વોટર અને એડવેન્ટર સ્પોર્ટસ, રંગોળી, આતશબાજી, શસ્ત્ર પ્રદર્શન, લેકર શો વગેરેનું આયોજન કરવામાં આવે છે. આ વખતે વિમો પણ ઉતારવામાં આવ્યો છે.

# ગુજરાતમાં કોંગ્રેસની હારનું પોસ્ટ મોર્ટમ જયપુરમાં થશે

### જયપુરમાં ૧૮મી જાન્યુઆરીએ મળનાર શિબિરમાં પ્રદેશ સંગઠનમાં ધરમૂળથી ફેરફારનો નિર્ણય કરાય તેવી વકી

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સંપન્ન ત્રીજીવાર સત્તારૂઢ થતા ગુજરાતમાં છેલ્લા ૧૭ વર્ષથી સત્તા વિહોણી રહેલી કોંગ્રેસના પ્રદેશ સંગઠનમાં હવે પાયાથી જ ધરમૂળ ફેરફાર કરાશે તેવા સંકેતો સાંપડી રહ્યા છે. કોંગ્રેસની પ્રદેશ અને કેન્દ્રીય નેતાગીરીએ આ ચૂંટણીમાં ખાસ કરીને નરેન્દ્ર મોદીને અને ભાજપને જબરજસ્ શિકસ્ત આપવા તમાામ તાકાત પ્રચારમાં ઝોકી દીધી હતી. છતાં બે-ચાર બેઠકો વધવા સિવાય કોંગ્રેસ સત્તા મેળવવાથી દૂર રહી હતી અને નરેન્દ્ર મોદીની હેટ્રીક જીત થતાં ગુજરાતમાં કોંગ્રેસને મરણતોલ ફટકો પડ્યો છે જેનું પોસ્ટમોર્ટમ જયપુર ખાતે આગામી તા. ૧૮ અને ૧૯મી જાન્યુઆરીના રોજ મળનારી કોંગ્રેસની રાષ્ટ્રીય ચિંતન શિબિરમાં થશે અને ગુજરાત કોંગ્રેસમાં નરેન્દ્ર મોદીને ટક્કર આપી શકે તેવું મજબૂત નેતૃત્વ ઉભું કરવા પ્રદેશ સંગઠનમાં પાયામાંથી જ ધરખમ ફેરફાર કરવા ચક્રો ગતિમાન કરાશે જેમાં રાહુલ ગાંધીના માર્ગદર્શક હોય. ગુજરાતમાં યુવા નેતાગીરી ઉભી કરાશે તેમ પણ જાણવા મળે છે.

ગુજરાત કોંગ્રેસના આંતરિક વર્તુળોના જણાવ્યા અનુસાર ગુજરાતમાં કોંગ્રેસના વિજય માટે વર્ષો બાદ આ વખતે ઉજળા સંજોગો હતા. કોંગ્રેસના ઘરના ઘરની યોજનાને એક તરફ અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો હતો ત્યાં બીજી તરફ કોંગ્રેસની રાજ્ય સરકાર વિરુદ્ધ અતિ આક્રમક જાહેરાતો અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ સોનિયા ગાંધી તથા મહામંત્રી રાહુલ ગાંધી સહિત ટોચના નેતાઓના ધારદાર ભાષણોની પણ મતદારો ઉપર ભારે અસર થઇ હતી.

આવા ઉજળા સંજોગો હોવા છતાં કોંગ્રેસના ખાટલે મોટી ખોડ એ હતી કે પક્ષનું સંગઠન અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ, શંકરસિંહ વાઘેલા, તથા સિદ્ધાર્થ પટેલ જેવા દિગ્ગજ નેતાઓની જુદી જુદી છાવણીઓમાં વહેંચાઇ ગયું હતું. જ્યારે હાઈકમાન્ડ આગમાં ઘી નાંખવાનું કામ કરી ટિકીટોની વહેંચણીથી માંડીને નરહરિ અમીન જેવા શક્તિશાળી નેતાઓને સાચવી લેવાની બાબતમાં કાચુ કાપ્યું હતું. જેના કારણે પાયાના કાર્યકરો તથા મજબૂત ઉમેદવારોની અવગણના કરી નેતાઓના દિકરાઓ તથા સગાવાદ તેમજ જૂથવાદના ધોરણે ટિકીટોની ફાળવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ચૂંટણી જીતવાની અને સત્તા આંચકી લેવાની રણનીતિનો કોંગ્રેસમાં સખત અભાવ જોવા મળ્યો હતો. સહુથી મહત્વની ઉણપમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વને પડકાર ફેંકી શકે તેવું નેતૃત્વ કોંગ્રેસે ઉભુ કરી શકી નહતી જેના કારણે કોંગ્રેસનો ગુજરાતમાં પાંચમી વાર પરાજય થયો હતો.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીના અધ્યક્ષ સ્થાને જયપુરમાં મળનારી ચિંતન શિબિરમાં ગુજરાતમાં કોંગ્રેસના પરાજયનું પોસ્ટમોર્ટમ કરાશે અને કેટલાક મહત્વના કઠોર નિર્ણય લઈ પક્ષનું આખું પ્રદેશ સંગઠન વિખેરી નાંખી પક્ષમાં નવા પ્રાણ પુરવાનો પ્રયાસ કરાશે. તેમજ ગુજરાતમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વને જબરજસ્ત પડકાર ફેંકી શકે તેવા સ્વચ્છ અને પ્રતિભાશાળી યુવા નેતૃત્વને ગુજરાતની દૌર સોંપાશે તેવા સંકેતો આપી રહ્યા છે. કેન્દ્રના કોંગ્રેસી નેતાઓ હાલ ચિંતિત છે.

## શબ્દાવલી - ૪૯૨૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ■ | |
| ૯ | | ■ | ૧૦ | | | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| ■ | ■ | ૧૪ | ■ | ■ | ૧૫ | | |
| ૧૬ | | | ■ | ૧૭ | | | ■ |
| | ■ | ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | | ■ | ૨૩ | | ■ | ૨૪ | |

**આડી ચાવી**

૧. સ્ત્રી, નારી (૩)
૪. જય જય ગરવી... (૪)
૭. તબિયત (૩)
૮. હોઠ (૨)
૯. પાકાનું વિરોધી (૨)
૧૦. સહારો, આશ્રય (૩)
૧૧. 'લય' શબ્દ ઊંધો (૨)
૧૨. ભવ્યતા, આન-બાન ઔર... (૨)
૧૩. પરિક્રમા (૨)
૧૫. અદાલત (૩)
૧૬. પીડા, કષ્ટ, ચિંતા (૩)
૧૭. ઢોરનો ચારો (૩)
૧૮. ચૂંટલા, ચુંટીયા (૩)
૨૦. દિવસ, દિન (ગામઠી ભાષા) (૨)
૨૨. રખ્યા, માટી (૨)
૨૩. શેતરંજી, પાથરણું (૨)
૨૪. માથામાં પડે (૨)

**ઊભી ચાવી**

૧. વિશાળ કાયાવાળુ (૪)
૨. ક્રિયા-પ્રતિક્રિયા, ગતિ-વિધિ (૪)
૩. પાટુ (૨)
૪. તાકાતવાળો, શક્તિશાળી (૩)
૬. ઉમંગ-ઉત્સાહ, જોમ (૫)
૧૦. ઈચ્છા, અપેક્ષા (૨)
૧૩. ચણતરમાં ઉપયોગી નાના કાળા પથ્થર (૩)
૧૫. અભરખો (૨)
૧૬. મોસંબી જેવા ફળ (૩)
૧૭. કેડમાં ખોસાય તેવી નાનકડી તલવાર (૩)
૧૯. અભિમાન (૨)
૨૧. આંગળી-અંગૂઠાના ટેરવાના રક્ષકો (૨)

### શબ્દાવલી ૪૯૨૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભોજનાલય (૫) ખારી (૭) પાટણ (૮) ક્ષમા (૧૦) રકમ (૧૪) ધારણા (૧૫) લાપોટીયું (૧૬) ડચ (૧૭) ફોડ (૧૮) રકો (૨૧) શંખ (૨૩) ઠાકોરજી (૨૫) વખત (૨૬) રટ

**ઊભી ચાવી :-** (૧) ભોપાળું (૨) જટ (૩) નાણવું (૪) યક્ષ (૬) રીસામણાં (૯) મારધાડ (૧૧) કરચ (૧૨) લપોડશંખ (૧૩) મયુર (૧૫) લાફો (૧૯) ઠાકોર (૨૦) કજીયો (૨૨) ખત (૨૪) કોટ

# એમ.બી.પટેલ અંગ્રેજી સ્કૂલનો રાષ્ટ્રીય સેવા યોજનાનો કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

એમ.બી.પટેલ. ઈંગ્લીશ મીડિયમ સેકેન્ડરી સ્કૂલનો એન.એસ.એસ. કેમ્પ ઈન્દ્રોડા મુકામે તા. ૨૧મી ડિસેમ્બરથી તા. ૨૭મી ડિસેમ્બર સુધી યોજાશે. ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખપદે ભાવેશભાઈ એરડા, નાયબ સચિવ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમાભાઇ પટેલ, શ્રીમતી નીનાસિંગ ભાટી, ભગિની સંસ્થાના આચાર્ય અને પ્રાથમિક શાળા નિરીક્ષકો અને ગ્રામજનોએ હાજરી આપી હતી. શૂપર્ણા મુખર્જીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ અધિકારી ડૉ. વર્ષા પારેખના જણાવ્યા અનુસાર ગ્રામસફાઈ, એઈડ્સ નિવારણ, પ્રદર્શન, આંખોની ચકાસણી, બ્લડ પ્રેશર, ડાયાબિટીસની ચકાસણી કેમ્પ કરાશે, અંગ્રેજી શિક્ષણ તાલિમ, સ્પોટ્‌ર્સ, વગેરે કાર્યક્રમો કરાવાશે. શાળાના આચાર્યશ્રી અર્પિત ક્રિશ્ચિયને પ્રવૃત્તિને બિરદાવી હતી.





ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ટચૂકડી જાહેર ખબર

ફ્લેટ બુકીંગ
૨ બેડરૂમ, હોલ, કીચનના ફ્લેટ, ગાંધીનગર-સરગાસણ સર્કલની બાજુમાં, બુકીંગ માટે મળો.
સંપર્ક
૯૯૦૯૨ ૮૦૬૩૧
૯૭૨૬૦ ૮૮૩૩૩

જોઈએ છે - શિક્ષકો
P.T.C., B.A. B.Ed., B.Sc. B.Ed.
ગણિત, વિજ્ઞાન, સંસ્કૃત, અંગ્રેજી વિષય લઈ શકે તેવા. રૂબરૂ મળો
તા. ૨૪-૧૨-૨૦૧૨
સવારે ૮ થી ૧૨
જયપ્રકાશ વિદ્યાલય
સેક્ટર-૨૬, કિસાનનગર, કોલવડા રોડ